**અત્યંત જરૂરી/ સમય મર્યાદા**

વડોદરા મહાનગરપાલિકા
કમિશ્નરશ્રીની કચેરી
સામાન્ય વહીવટ વિભાગ
પરીપત્ર અંક:૧૪/૧૯–૨૦
તા.૦૪–૦૬–૨૦૧૯

સા.વ.વિ.જા.નં.૭૬/તા.૦૪–૦૬–૨૦૧૯.

ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાર્ણ વિભાગના પરિપત્ર ક્રમાંક:–સભમ–૧૩૨૦૧૯–યુઓઆર–૯–થ–૧ તા. ૩૦–૦૫–૨૦૧૯ મુજબ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે "બીટ એર પોલ્યુશન" વિષય પર તા. ૦૫–૦૬–૨૦૧૯ થી ૧૧–૦૬–૨૦૧૯ દરમ્યાન સ્વચ્છતા સપ્તાહની ઉજવણીના ભાગરૂપે તથા "સ્વચ્છતા ત્યાં પ્રભુતા" રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જીવનનો મંત્ર ચરિતાર્થ કરવા માટે રાજ્યના તમામ શહેરો અને નગરો સ્વચ્છ બને તેમાં ૧૦૦% સફાઇ થાય એ પ્રકારનો આ સફાઇ ઝુંબેશનો મુખ્ય ઉદેશ છે. તા. ૦૫–૦૬–૨૦૧૯ થી ૧૧–૦૬–૨૦૧૯ દરમ્યાન "પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન" વિષય અંતર્ગત સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવા માટે સફાઇ ઝુંબેશમાં તમામ અધિકારીઓ, કર્મચારીઓ તથા નાગરિકો સહભાગી થાય, લોકોમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ આવે અને સ્વચ્છતાની ટેવો કેળવાય તે માટે જાહેર સ્થળોની સઘન સફાઇ માટે વડોદરા મહાનગરપાલિકામાં જુદી–જુદી કામગીરી કરવા માટે સંબધિત અધિકારીશ્રીઓ માટે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

| તારીખ | પ્રવૃત્તિની વિગત | સફાઇ પ્રવૃત્તિ |
|---|---|---|
| ૦૫–૦૬–૨૦૧૯ | વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતગર્ત "બીટ એર પોલ્યુશન " સપ્તાહનો શુભારંભ<br>**કામગીરી –જનસંપર્ક વિભાગ**<br>સદર કાર્યક્રમમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ વર્ગ –૧,૨ તથા ૩ના તમામ અધિકારી/કર્મચારીએ કાર્યક્રમના સ્થળે હાજર રહેવાનું રહેશે.<br>**જાહેર સ્થળે પ્રતિજ્ઞા– જનસંપર્ક વિભાગ**<br>મેરેથોન ગૃપ,BRG ગૃપ,પોલીસ ડાયરેક્ટર, મહાનુભવો, સ્વચ્છતાગ્રાહી અગ્રગણ્ય નાગરિકો, NGO મંડળો, સહકારી કચેરીઓ, વાહનવ્યવહાર, પોલીસ વિભાગ, ઇન્ડસ્ટ્રી વિભાગ, ઉર્જા બોર્ડમાં, વોર્ડમાં પ્રતિજ્ઞા<br>**કામગીરી – સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ**<br>જનજાગૃતિ રેલી તથા જાહેર સભારંભ કરવો<br>**રેલી પ્રસ્થાન** – કાલાઘોડા સર્કલથી થઇ સયાજીબાગ સેંન્ટ્રલ ગેટથી હેલ્થ મ્યુઝિયમ, સયાજીબાગ ખાતે જશે.<br>**કામગીરી –આસિ.મ્યુ.કમિશનર(ઉત્તર ઝોન) અને પોલિસ પરવાનગી (ડાયરેકટર,સિક્યુરિટી અને દબાણશાખા)** | • શહેરના તમામ એન્ટ્રી પોઇન્ટની સફાઇ<br>• સફાઇના સાધનો જેવા કે જેસીબી, લોડર, ટ્રેક્ટર–ટ્રેલર,ટ્રીપિંગ વાન, સફાઇ કામદારો, NSS, NCC વિદ્યાર્થી, NGO, વોલન્ટીયર ગૃપ, ધાર્મિક સંસ્થાનો દ્વારા વેસ્ટ પ્લાસ્ટિક બોટલ, પોલિથીન બેગ, પાઉચ, પ્લાસ્ટિક રેપર્સ વગેરેની સામુહિક સફાઇ<br>**કામગીરી –આસિ.મ્યુનિસિપલ કમિશનર (ઝોન) તથા તમામ વોર્ડ ઓફિસર્સ**<br>• સ્વચ્છ હવા સ્વાસ્થ્ય માટે કેટલી જરૂરી છે તે બાબતે માહિતગાર કરવા અને હવા પ્રદૂષિત ન થાય તે માટેની માહિતી આપવી<br>**કામગીરી – આરોગ્ય અમલદારશ્રી**<br>• હવાનું પ્રદુષણ કરવા ઘટાડવા અને તેને સંપૂર્ણપણે નાબૂદ કરવા વૃક્ષારોપણનો કાર્યક્રમ એક ઝુંબેશ સ્વરૂપે હાથ ધરવી<br>**કામગીરી – ડાયરેકટરશ્રી (પાર્કસ એન્ડ ગાર્ડન)** |

| તારીખ | પ્રવૃત્તિની વિગત | સફાઇ પ્રવૃત્તિ |
|---|---|---|
| ૦૬–૦૬–૨૦૧૯ | પાંદડા બાળવા પર સખત કાર્યવાહી કરી અમલમાં મુકવી તથા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમ – ૨૦૧૬ મુજબ અપરાધીઓને દંડની જોગવાઇ કરી પગલા લેવા.<br>**કામગીરી – ડાયરેક્ટરશ્રી (પાર્કસ એન્ડ ગાર્ડન), સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ**<br>**કામગીરી –આસિ.મ્યુનિસિપલ કમિશનર (ઝોન) તથા તમામ વોર્ડ ઓફિસર્સ** | • સુકા પાંદડા બાળવામાં ન આવે તે માટે ઝુંબેશ હાથ ધરવી. નાગરિકોને સમજણ માટે બગીચાન કે અન્ય જગ્યાએ કાર્યરત કમ્પોસ્ટીંગ પ્લાન્ટની મુલાકાત લેવડાવવી.<br>**કામગીરી – ડાયરેક્ટરશ્રી (પાર્કસ એન્ડ ગાર્ડન), સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ**<br>• RWA, સ્કુલ તેમજ બગીચો ધરાવતી સંસ્થાઓ પાંદડા બાળવાના બદલે નગરપાલિકાને કમ્પોસ્ટીંગ માટે આપે તે માટે પ્રોત્સાહિત કરવા.<br>**કામગીરી –આસિ.મ્યુનિસિપલ કમિશનર (ઝોન) તથા તમામ વોર્ડ ઓફિસર્સ**<br>• મહાનગરપાલિકાના વિસ્તારમાં કચરો બાળતા લોકો વિરુદ્ધ ફરિયાદ કરનારા અને માહિતિ આપનારને પ્રોત્સાહક ઇનામ આપવું.<br>**કામગીરી –આસિ.મ્યુનિસિપલ કમિશનર (ઝોન) તથા તમામ વોર્ડ ઓફિસર્સ** |
| ૦૭–૦૬–૨૦૧૯ | મહાનગરપાલિકામાં ઉર્જા કાર્યક્ષમ બલ્બ તથા અન્ય ઇલેક્ટ્રીકલ ઉપકરણોને ઉપયોગમાં લેવા તથા મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવતા કોમર્શિયલ બિલ્ડીંગ, મકાનો, સ્કૂલોમાં પણ આ પ્રકારના ઉપકરણોનો ઉપયોગ કરવા નાગરિકોને પ્રોત્સાહિત કરવા.(ઉર્જા વિભાગ સાથે)<br>**કામગીરી – કાર્યપાલક ઇજનેર(સ્ટ્રિટ લાઇટ)**<br>**કામગીરી– તળાવની અંદરની સફાઇ (વોર્ડ એન્જી. શાખા, વાહકજન્ય રોગ નિયંત્રણ શાખા), તળાવના કાંઠા વિસ્તારની સફાઇ (આસિ.મ્યુનિસિપલ કમિશનર (ઝોન) તથા તમામ વોર્ડ ઓફિસર્સ)** | • શહેરીજનો દ્બારા મોટા વાહનો/અંગત વાહનોન બદલે ઇકો ફ્રેન્ડલી વાહનો વ્યવહાર કાર પુલીંગ સેવા (અંગત કાર કે વાહનને બદલે ભાડાની કારમાં બે થી ત્રણ), સાઇકલ, પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવા પ્રોત્સાહન આપવું, ઉર્જાના પરંપરાગત સ્ત્રોતોની નાગરિકોને માહિતગાર કરવા.<br>**કામગીરી – કાર્યપાલક ઇજનેર(સ્ટ્રીટલાઇટ)**<br>• તળાવ, વાંકળા, નદી–નાળા, અન્ય વોટર બોડીની સફાઇ<br>**કામગીરી–તળાવની અંદરની સફાઇ (વોર્ડ એન્જીનીયરીંગ શાખા, વાહકજન્ય રોગ નિયંત્રણ શાખા), તળાવના કાંઠા વિસ્તારની સફાઇ (આસિ.મ્યુનિસિપલ કમિશનર (ઝોન) તથા તમામ વોર્ડ ઓફિસર્સ)**<br>• ૫૦ માઇક્રોનથી ઓછી જાડાઇવાળા પ્લાસ્ટીક જપ્તીની કામગીરી<br>**કામગીરી –આસિ.મ્યુનિસિપલ કમિશનર (ઝોન) તથા તમામ વોર્ડ ઓફિસર્સ** |

| તારીખ | પ્રવૃત્તિની વિગત | સફાઇ પ્રવૃત્તિ |
|---|---|---|
| ૦૮–૦૬–૨૦૧૯ | • વાહન વ્યવહાર વિભાગ/ટ્રાફિક વિભાગને સાથે જોડી શહેરમાં પ્રદૂષણ કરતા વાહનોની તપાસ<br>**કામગીરી –કાર્યપાલક ઇજનેર (ટ્રાફિક), એડી.સીટી એન્જીન્યર(ગેસ), ACP ( Traffic)ના સંકલનમાં**<br>**આસિ.મ્યુનિસિપલ કમિશનર (ઝોન) તથા તમામ વોર્ડ ઓફિસર્સ, ડાયરેકટરશ્રી (પાર્કસ એન્ડ ગાર્ડન)** | • પ્રદૂષણ કરતા વાહનોની તપાસ –PUC ડ્રાઇવ<br>**કામગીરી –કાર્યપાલક ઇજનેર (ટ્રાફિક), એડી.સીટી એન્જીન્યર(ગેસ), ACP ( Traffic)ના સંકલનમાં**<br>• નાગરિકોને જોડી આસપાસના વિસ્તારમાં પ્લોગીંગ રન (જોગીંગ કરતા કરતા કચરો વિણવો)નું આયોજન કરવું<br>**કામગીરી – આસિ.મ્યુનિસિપલ કમિશનર (ઝોન) તથા તમામ વોર્ડ ઓફિસર્સ, ડાયરેકટરશ્રી (પાર્કસ એન્ડ ગાર્ડન)**<br>• આઉટગ્રોથ વિસ્તારની સફાઇ<br>**કામગીરી – આસિ.મ્યુનિસિપલ કમિશનર (ઝોન) તથા તમામ વોર્ડ ઓફિસર્સ** |
| ૦૯–૦૬–૨૦૧૯ | સ્વચ્છતાના તમામ માપદંડનાં આધારે “સ્વચ્છ વોર્ડ” સ્પર્ધાનું આયોજન કરવું<br>કચરાના નિકાલ માટે શહેરથી દુર તૈયાર કરવામાં આવેલ સેન્ટ્રલાઇઝ માળખાને શહેરમાં જુદી જુદી જગ્યાએ ટકાઉ માળખામાં પરિવર્તિત કરવા કામગીરી હાથ ધરવી.<br>RWA અને ઘરોમાં કચરાનાં બે ભાગમાં વર્ગીકરણને ફરજિયાત બનાવવું<br>**કામગીરી–આસિ.મ્યુનિસિપલ કમિશનર (ઝોન) તથા તમામ વોર્ડ ઓફિસર્સ** | • ધાર્મિક સ્થળો, હેરીટેજ સ્થળો, પ્રવાસન સ્થળો, શોપિંગ મોલ અને તેના આસપાસનાં વિસ્તારની સફાઇ<br>**કામગીરી – આસિ.મ્યુનિસિપલ કમિશનર (ઝોન) તથા તમામ વોર્ડ ઓફિસર્સ**<br>• વિદ્યાર્થી, NGO, વોલેન્ટીયર ગ્રુપ, ધાર્મિક સંસ્થાઓદ્વારા વેસ્ટ પ્લાસ્ટીક બોટલ, પોલીથીન બેગ, પાઉચ, પ્લાસ્ટીક રેપર્સ વેગેરેની સામુહિક સફાઇ<br>**કામગીરી – આસિ.મ્યુનિસિપલ કમિશનર (ઝોન) તથા તમામ વોર્ડ ઓફિસર્સ** |
| ૧૦–૦૬–૨૦૧૯ | મહાનગરપાલિકાનાં સ્ટાફને કચરાના નિકાલ માટે અત્યાધુનિક ટેકનોલોજી વિષે માહિતગાર કરવા તથા અન્ય ટ્રેનિંગ આપવી તથા કચરાના નિવારણ, રિસાયકલ, કમ્પોસ્ટીંગ, ઉર્જાના પુન: પ્રાપ્તિની વ્યવસ્થા ઉભી કરવી<br>કચરાના ઘટાડા માટેની યોજનાઓ પોલ્યુટર પે, કમ્પોસ્ટીંગ, બાયોમીથેનેશન પ્લાન્ટ, RDF પ્લાન્ટને પ્રોત્સાહન આપવું<br>શહેરમાં વિકેંન્દ્રીત કમ્પોસ્ટીંગ, બાયોમીથેનેશન પ્લાન્ટ, C & D પ્લાન્ટ શરુ કરવાનું આયોજન કરવું<br>**GPCB , મકરપુરા ઇન્ડસ્ટ્રીયલ એસોસીયેશન, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ – GPCB સાથે સંકલનમાં રહીને** | • ઘન કચરા, પ્લાસ્ટીક કચરામાંથી ઓઇલ બનાવતી ટેકનોલોજીને પ્રોત્સાહન પુરૂ પાડવું<br>• બસ સ્ટેંન્ડ રેલ્વે સ્ટેન્ડ, રીક્ષા સ્ટેન્ડની સફાઇ મહાનગરપાલિકાએ ઇન્ડસ્ટ્રી વિભાગ, GPCB સાથે સંકલનમાં રહી વિસ્તારમાં આવેલ પ્રદૂષણ કરતી ફેકટરી, કંપનીની તપાસ હાથ ધરી કાર્યવાહી કરવી<br>**કામગીરી –GPCB , મકરપુરા ઇન્ડસ્ટ્રીયલ એસોસીયેશન, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ – GPCB સાથે સંકલનમાં રહીને** |

| તારીખ | પ્રવૃત્તિની વિગત | સફાઇ પ્રવૃત્તિ |
|---|---|---|
| ૧૧–૦૬–૨૦૧૯ | હયાત કચરાના નિકાલ માટે ઘન કચરા, પ્લાસ્ટિક કચરા, C & D કચરાના વ્યવસ્થાપન નિયમોનું કડક અમલીકરણ કરવું તથા ભારત સરકારના ડસ્ટ મીટીગેશન નોટીફિકેશન – ૨૦૧૮નું અમલીકરણ કરવું<br>શહેરના સંભવિત સર્વે દ્વારા શહેરના કચરની સફાઇ માટે મશીનની વ્યવસ્થા કરવી<br>**આસિ.મ્યુનિસિપલ કમિશનર (ઝોન) તથા તમામ વોર્ડ ઓફિસર્સ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ,**<br>વૃક્ષારોપણ<br>**ડાયરેકટરશ્રી (પાર્કસ એન્ડ ગાર્ડન)** | • ખુલ્લા પ્લોટ, શાળા – કોલેજો, આરોગ્ય કેન્દ્રો, મેડીકલ કોલેજો અને સરકારી કચેરીઓની સફાઇ<br>• ૫૦ માઇક્રોનની ઓછી જાડાઇવાળા પ્લાસ્ટિક જપ્તીની કામગીરી<br>**કામગીરી – આસિ.મ્યુનિસિપલ કમિશનર (ઝોન) તથા તમામ વોર્ડ ઓફિસર્સ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ**<br>• વૃક્ષારોપણ<br>**ડાયરેકટરશ્રી (પાર્કસ એન્ડ ગાર્ડન)** |

પ્રિન્ટ, સોશિયલ મિડીયા, ક્રિએટીવનાં માધ્યમથી પ્રચાર પ્રસાર

- "બીટ એર પોલ્યુશન" થીમ પર મહિના દરમ્યાન મીડીયા દ્વારા પ્રચાર પ્રસાર – **સોશિયલ મિડીયા ટીમ**
- સ્વચ્છ મંચ ઉપર તમામ પ્રવૃતિઓની વિગતો ફોટોગ્રાફ્સ સાથે અપલોડ કરવી – **સોશિયલ મિડીયા ટીમ, તમામ ફોટોગ્રાફ્સ સોલિડ વેસ્ટ વિભાગમાં મોકલવા**
- લોકલ ન્યુઝ ચેનલ, પ્રિન્ટ મિડીયા સાથે દુરદર્શન અને ઓલ ઇંડીયા રેડીયોના માધ્યમથી પ્રચાર પ્રસાર **– જનસંપર્ક વિભાગ**
- સોશિયલ મિડીયા જેવા કે ફેસબુક, ટવીટર, વોટસએપ ગ્રુપના માધ્યમથી ફોટોગ્રાફ્સ અપલોડ કરવા **– IT વિભાગ**
- ભારત સરકાર અને મહાનગરપાલિકા દ્વારા "બીટ એર પોલ્યુશન" ટેગ લાઇન દ્વારા તૈયાર કરેલ પોસ્ટર હોર્ડીગ્સ, વિડીયો, ઓડીયો દ્વારા પ્રચાર પ્રસાર – **જનસંપર્ક વિભાગ, IT વિભાગ**
- ફેસબુક, ટવીટર પર અપડેટ કરતી વખતે @swachhbharatgov, #mycleanindia, #swachhbharat, #worldenvironmentsday, #beatairpollution, #sayyestoless સાથે ફોટો અપલોડ કરવા – **જનસંપર્ક વિભાગ, IT વિભાગ**
- પરિપત્ર મુજબનો પ્રોગ્રામ બનાવી પી.આર.ઓ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં મેલ/હાર્ડ કોપી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી મળે તેમ કાર્યવાહી કરવી – **આસિ.મ્યુનિસિપલ કમિશનર (ઝોન), તમામ વોર્ડ ઓફિસર્સ તથાસબંધિત તમામ વિભાગ**
- આ સપ્તાહની દૈનિક માહિતી ફોટોગ્રાફ્સ સાથે નિયત પત્રકમાં ઈમેલ દ્વારા sbmu.gujarat@gmail.com પર મોકલવાની રહેશે –**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં સાંજના ૪:૦૦ કલાક સુધીમા નિયત ફોર્મેટમાં સહી સાથે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના સમ્બધિત અધિકારીને તમામ સંબંધકર્તાએ મોકલવાનું રહેશે.**
- વિશ્વ પર્યાવરણ દિવસના ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમાં/વર્કશોપમાં સપ્તાહ દરમિયાન ગંદકી ન ફેલાય તેની ખાસ કાળજી લેવી. ડીસ્પોજલ કટલરીનો કાર્યક્રમમાં ઉપયોગ કરવો નહી.– **આસિ.મ્યુનિસિપલ કમિશનર (ઝોન), તમામ વોર્ડ ઓફિસર્સ તથા જનસંપર્ક વિભાગ**

ઉપરોક્ત જણાવેલ કામગીરી માટેની સઘન વ્યવસ્થા ઉભી કરીને તે માટેની આનુષાંગિક કામગીરી હાથ ધરવાની રહેશે તેમજ તા ૦૫–૦૬–૨૦૧૯થી ૧૧–૦૬–૨૦૧૯ દરમિયાન મહાનગરાપાલિકાએ પોતાના વિસ્તારમાં આવેલ એસ.ટી. નિગમના બસ સ્ટેન્ડ,ડેપો, સરકારી હોસ્પિટલો, મેડીકલ કોલેજો, પુરવઠા નિગમના ગોડાઉન, તમામ શૈક્ષણિક સંકુલો વગેરેની સફાઇ જે–તે કચેરીના અધિકારી/કર્મચારી તથા તેમની આઉટસોર્સ એજન્સીઓનો સહકાર લઇ કરવાની રહેશે. આ સપ્તાહ દરમિયાન તથા હવે પછી કોઇપણ કાર્યશિબિર, રેલીઓ અને જાહેર કાર્યક્રમોમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા જણાવવામાં આવે છે.

વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી અને તેને લગતી જુદી જુદી કામગીરી અંગે કોઇપણ સૂચન કે મુશ્કેલી હોય તો ડે.મ્યુનિસિપલ કમિશનર (હેલ્થ) તથા ડે.મ્યુનિસિપલ કમિશનર (વ)નો રૂબરૂ અથવા ટેલીફોનિક સંપર્ક કરી માર્ગદર્શન મેળવી લેવાનું રહેશે.

ઉપરોક્ત તમામ કામગીરી માટે મે.મ્યુનિસિપલ કમિશનરશ્રીના પરિપત્ર અંક:૪૮/૯૮–૯૯ તા.૨૪–૦૮–૯૮ મુજબ સંબંધકર્તા તમામે બિનચૂક કાર્યવાહી કરવાની રહેશે.

સહી/– અજય ભાદુ, આઇ.એ.એસ.
મ્યુનિસિપલ કમિશનર
મહાનગરપાલિકા
વડોદરા